# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં : ૨૨૦ /૨૦૨૬

**વિષય: સુવર્ણચંદ્રક, રેન્ક પ્રમાણપત્ર તથા પ્રથમ આવેલ ૧૦૦ વિદ્યાર્થીની યાદી અંગેના ધોરણો.**

તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ યોજાયેલ ડીનશ્રીની મીટીંગમાં થયેલ ચર્ચા અને નિયમોમાં કરેલ સુધારા અન્વયે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તથા તમામ સબંધકર્તાશ્રીઓને જાણ તથા અમલ સારૂ પરિપત્રિત કરવામાં આવે છે કે .....

૧. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૧ અને ૬ માં જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ધ્વારા લેવાયેલ પરીક્ષાઓમાં જે તે વિદ્યાશાખા અને જે તે વિષયમાં સૌથી વધુ ગુણ મેળવેલ હોય તથા તે વિદ્યાર્થીએ સેમેસ્ટર ૧ થી ૬ ની તમામ પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને, પ્રથમ વર્ગમા અને સળંગ પાસ કરેલ હોય એવા વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક મળવાપાત્ર થાય છે.

૨. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૧ થી ૪ માં જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ધ્વારા લેવાયેલ પરીક્ષાઓમાં જે તે વિદ્યાશાખા અને જે તે વિષયમાં સૌથી વધુ ગુણ મેળવેલ હોય તથા તે વિદ્યાર્થીએ સેમેસ્ટર ૧ થી ૪ ની તમામ પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને, પ્રથમ વર્ગમા અને સળંગ પાસ કરેલ હોય એવા વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક મળવાપાત્ર થાય છે. જયાં વર્ગ આપવામાં આવતો નથી ત્યાં ઓછામાં ઓછા ૬૦ % ગણતરીમાં લેવાના રહેશે.

૩. જે તે વિદ્યાશાખામાં અને જે તે વિષયમાં જ પરીક્ષાઓ ફકત ૨ (બે) સેમેસ્ટરની હોય ત્યાં બંને સેમેસ્ટરની યુનિવર્સિટી ધ્વારા લેવાયેલ પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવેલ હોય તથા તે વિદ્યાર્થીએ બંને સેમેસ્ટરની પરીક્ષાઓ પ્રથમ પ્રયત્ને અને પ્રથમ વર્ગમાં સળંગ પાસ કરેલ હોય એવા વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક મળવાપાત્ર થાય છે. અથવા દાતાશ્રીની શરતો મુજબ કરવાનું રહેશે.

૪. જે તે વિદ્યાશાખામાં અને જે તે વિષયમાં જે પરીક્ષાઓ ફકત ગ્રેડીંગ સીસ્ટમથી લેવાતી હોય તેવી પરીક્ષાઓમાં સુવર્ણચંદ્રક માટે હાલની પધ્ધતિ ચાલુ રાખવી.

૫. જે તે વિદ્યાશાખામાં અને જે તે વિષયની યુનિવર્સિટીની પરીક્ષામાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સની જોગવાઈ મુજબ જો પાસ થવા માટે ઓર્ડિનન્સનો લાભ મળેલ હોય તો આવા વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે નહી.

૬. મેડીકલ વિદ્યાશાખામાં જેમાં સેમેસ્ટર આવતું હોય તેવા તમામ સેમેસ્ટરના યુનિવર્સિટી થીયરી માર્કસ તેમજ જયાં વાર્ષિક પરીક્ષાની જોગવાઈ હોય તો ત્યાં મેડીકલ થીયરી તમામ વર્ષના યુવિર્સિટી થીયરી માર્કસ ધ્યાને લેવાના રહેશે.

....કૃપયા ઉલટાવો...



Scanned with OKEN Scanner

૭. (અ) સુવર્ણચંદ્રક, પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીની યાદી તથા રેન્ક પ્રમાણપત્ર આપવા માટે જે તે વિદ્યાશાખાના જે તે વિષયની પરીક્ષા કોલેજ ધ્વારા પ્રશ્નપત્ર કઢાવીને કે જેનું મુલ્યાંકન કોલેજ ધ્વારા થતુ હોય તે વિષયોના ગુણ ધ્યાને લેવા નહી તથા વધુમાં પ્રાયોગિક પરીક્ષાના ગુણ કે કોલેજની આંતરીક પરીક્ષાના ગુણ ને પણ ધ્યાને લેવામાં આવશે નહી.

(બ) સુવર્ણચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(ક) જે તે વિદ્યાશાખાના નિયમોનુસાર પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓની જનરલ અને વિષયવાર વિદ્યાર્થીઓના નામ સાથેની યાદી યુનિવર્સિની વેબસાઈટ પર મુકવામાં આવશે.

(ડ) રેન્ક પ્રમાણપત્ર ફકત ૧ થી ૬ સેમેસ્ટરની યાદી પ્રમાણે પ્રથમ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે.

**નોંધ : આ નિયમો માર્ચ–જુન : ૨૦૨૬ અને ત્યારબાદ લેવાનાર પરીક્ષાઓથી લાગુ કરવાના રહેશે.**

**(મિતલ એમ.દેલીયા)**
**પરીક્ષા નિયામક**

જા.નં. પરીક્ષા/રીઝલ્ટ સેન્ટર/૬૨૬૩/૨૦૨૬
તાઃ ૧૩/૧૦/૨૦૨૬

**પ્રતિ,**

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન તમામ વિધાશાખાઓની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૨. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૩. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિ., પાટણ તરફ જાણ સારૂ
૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ
૪. ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓના વડાશ્રીઓ
૫. સચિવશ્રી, ગુજરાત હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટીફિકેટ એકઝામીનેશન બોર્ડ, ગાંધીનગર
૬. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત એસ.એસ.સી. બોર્ડ, વડોદરા
૮. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૯. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૧૦. હેડકલાર્ક – ખાનગી શાખા / જનરલ શાખા (પરીક્ષા)
૧૧. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૧૨. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ યુનિ.ની **Web-site** પર દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું.

F:\ALL D DRIVE RECORD\GOLD MEDAL\renk\GOLD MEDAL & RENK CIRCULAR_2026.doc

Scanned with OKEN Scanner